॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# જૈન કલ્ચરલ ગ્રુપ - અમદાવાદ


વહીવટી ઓફિસ : ઉદ્યોગ ભવન, પહેલા માળે, નટરાજ સિનેમા પાછળ, આશ્રમરોડ, અમદાવાદ ● ફોન : ૨૬૫૮૫૭૫૭

Website : www.jcgamd.com


આદરણીય શ્રાવક/શ્રાવિકા,
જય જીનેન્દ્ર,
કુશળ હશો.

## કાર્યક્રમ નં. : ૬

તા. ૨૭-૦૭-૨૦૧૯
વર્ષ - ૨૦૧૯-૨૦

સહુ શાતામાં હશો. ભાવિક પુણ્યાત્માઓ તપ આરાધના કરતા હશો. ચાર્તુમાસનો શુભારંભ થઈ ગયેલ છે અને પર્વ પર્યુષણ વાજતે ગાજતે આવી રહ્યા છે. ત્યારે આવા વિશિષ્ટ વાતાવરણમાં પરમાત્માની વિશિષ્ટ ભક્તિ અને પૂ. જ્ઞાની ગુરૂભગવંતના શ્રી મુખે ધર્મશ્રવન થાય તો સોનામાં સુગંધ ભળી જાય તેવા પ્રસંગનું આયોજન કરેલ છે.

એસ.જી. હાઈવે સ્થિત શાંતિગ્રામ ટાઉનશીપમાં દેવવિમાન  સમા જિનાલયમાં દેવાધિદેવ પૂ. આદેશ્વર દાદા બિરાજમાન છે અને સાથે રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગર સુરીશ્વરજી મ.સ. ચાર્તુમાસ સ્થિરતા છે. મનમાં ભાવ થયો કે દાદાના દર્શન અને પૂ. શ્રી ને વંદનનો સમન્વય થાય તો ? પૂ. આચાર્યભગવંતને વિનંતી કરતા તેઓશ્રીએ આપણા ગ્રુપના સભ્યો માટે વ્યાખ્યાનનું આયોજન કરવા અનુમતિ આપી આપણને ધન્ય કર્યા.

**પૂ. શ્રી બધી જ વયજૂથને ગમતા અને સ્પર્શતા વિષય પર હૃદયંગમ વિશિષ્ટ શૈલીમાં વ્યાખ્યાન આપશે.**

તે અનુસાર વ્યાખ્યાન - સ્વામિવાત્સલ્ય અને સંધ્યાભક્તિનો ત્રિવેણી સંગમ રચાયો છે. તો આવો આ ગંગા-જમુના-સરસ્વતી સમા ત્રિવેણી સંગમમાં તરબોળ થઈ જવા આપ સહુને ભાવભર્યું આમંત્રણ છે. કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે. આ ઉત્કૃષ્ટ પ્રસંગનું  આયોજન ખાસ આપણા ગ્રુપના સભ્યમિત્રો માટે જ કરવામાં આવેલ છે માટે આ આપના પરિવારનો જ પ્રસંગ છે માટે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જીવનને ધન્ય બનાવવાનું ચૂકશો નહીં.

### :: કાર્યક્રમ નં ૬ :

### રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સ. નું વ્યાખ્યાન તથા પૂ. આદેશ્વર દાદાની સંધ્યાભક્તિ





તારીખ : ૦૪-૦૮-૨૦૧૯ રવિવાર શ્રાવણ સુદ-૪

સમય : સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાકે પૂ. શ્રી નું વ્યાખ્યાન

સ્થળ : શાંતિગ્રામ ટાઉનશિપ સ્થિત જૈન દેરાસર અને આરાધના ભુવન,
વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ
આપે ૪.૩૦ કલાક સુધીમાં સ્થળ ઉપરથી પોતાના ભોજનપાસ મેળવી લેવા
તથા વ્યાખ્યાન મંડપમાં પોતાની સીટ મેળવી લેવી.
સાંજે ૬.૦૦ કલાકે ચૌવિહાર-સ્વામિવાત્સલ્ય ભક્તિ
રાત્રે ૭.૦૦ કલાકે દેરાસરજીમાં સંધ્યા ભક્તિ-ભાવના ભણાવશે સુપ્રસિદ્ધ
સંગીતકાર શ્રી જયેશભાઈ સોની અને વૃંદ
વધારામાં શાંતિગ્રામ સંકૂલમાં આવેલા નયનરમ્ય મ્યુઝીકલ ફુવારાઓનો
આનંદ મેળવો લટકામાં

તો આવો સહુ સાથે મળી આ તક ને સુવર્ણ અવસરમાં પરિવર્તિત કરીએ......

જૈન કલ્ચરલ ગ્રુપ-અમદાવાદ પરિવાર વતી

**રાકેશભાઈ આર. શાહ**
**પ્રમુખશ્રી**

| અનિલભાઈ કે. શાહ | નિરંજનભાઈ ટી. શાહ | પ્રવીણભાઈ એસ. વોરા |
| --- | --- | --- |
| ઉપપ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી |

| નિમેશભાઈ એસ. શાહ | બૈજુભાઈ પી. શાહ | રીતેશભાઈ એ. શાહ | રાકેશભાઈ જી. શાહ | હરેશભાઈ સી. પારેખ |
| --- | --- | --- | --- | --- |
| સેક્રેટરી જનરલ | મંત્રી | સહમંત્રી | ખજાનચી | સહ ખજાનચી |